પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

**♣♣♣♣ સૈન્ય ગણવેશ જાહેરનામું♣♣♣♣**

**♣♣♣♣ જી.પી.એકટ કલમ- ૬૩(એ)ર અન્વયે કાઢેલ હુકમ♣♣♣♣**

ક્રમાંકઃ એસબી/જાહેરનામું/ ૯૯૭૨ /૨૦૨૧
તા. ૨૧ /૧૦/૨૦૨૧

૧; ભુતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન પર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

૨. રાજયમાં વિવિધ શહેર / જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી / ગેરકાયદેસર પ્રવૃતી માટે ઉપયોગ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. આ બાબત સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઇ બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

૩. જેથી સૈન્ય તથા સશસ્ત્રદળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમો ૧૪૦,૧૭૦ અને ૧૭૧ માં જોગવાઇઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્રદળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોના વેચાણ / ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય જેથી આ સંબધેનુ જાહેરનામું ગુજરાત પોલીસ અધિનીયમ કલમ ૬૩(એ)ર થી મળેલ સતાની રૂએ હું મનોજ અગ્રવાલ, (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

**અમલવારીનો સમય**

આ હુકમ તા.૦૧/૧૧/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૧/૧૨/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**♣♣♣♣પ્રતિબંધીત વિસ્તાર♣♣♣♣**

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ ની કલમ-૧૪૩(એ)ર હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ રાજકોટ શહેર માં ફરજ બજાવતા સંયુકત પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.હેડ કોન્સ.નો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામા નો ભંગ કરનાર વિરુધ આઇ.પી.સી કલમ - ૧૮૮ તથા જી.પી.એકટ કલમ - ૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે. ઉપર જણાવેલ વિસ્તારમાં ઉપરોકત મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખઃ- ૨૧ /૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

૨૧/૧૦/૨૧

(મનોજ અગ્રવાલ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

<u>સવિનય રવાના:-</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહા નિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૫) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૬) કલેકટરશ્રી, રાજકોટ શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૮) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ.
(૯) સયુંકત પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧ તથા ઝોન-૨, રાજકોટ શહેર
(૧૧) નિયામકશ્રી, માહીતી ખાતું,,ડો. જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય,બલોક નં. ૭ બીજા માળે, ગુ.રા., ગાંધીનગર.
(૧૨) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૩) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૪) મ.પો.કમિશ્નરશ્રી, પુર્વ વિભાગ/ પશ્ચિમ વિભાગ,/ક્રાઇમ/એસ.સી-એસ.ટી. સેલ/ટ્રાફીક રાજકોટ શહેર.
(૧૫) આસી.કમિશ્નરશ્રી, (ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૭) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૮) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) વર્તમાનપત્રોને આપવી.
(૧૯) તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર (નકલો ચૌટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૩) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાન પત્રોની કાપલીઓ મોકલવા સારૂ)

COMMISSIONER OF POLICE * SPL.BR. * RAJKOT CITY